**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં સ્ટ્રીટલાઈટો માત્ર શોભાના ગાંઠિયા સમાન

## રાત્રી દરમિયાન સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં રહેતા જનતા પરેશાન : જનતાની ફરિયાદોનું નિરાકરણ થઈ રહ્યું નથી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં દરેક માર્ગો પર અને સેકટરોમાં અંધારપટને દૂર કરવા માટેની સુવિધારૂપ સ્ટ્રીટલાઈટોની વ્યવસ્થા કરાઈ છે પરંતુ ગાંધીનગરની જનતાને હજુ પણ અંધારપટમાં રહેવું પડી રહ્યું છે. આ સાથે વીજ પુરવઠો જવાથી ઘણા સેકટરો અને નવા સમાવિષ્ટ ગામોમાં વીજળી જવાથી મુશ્કેલીઓ પડી રહી છે. ગાંધીનગરમાં હાઈ પ્રોફાઈલ સેકટરોમાં પણ અંધારપટ છવાઈ જાય છે. ઘણા જાહેર માર્ગો પર સ્ટ્રીટલાઈટો ઘણા દિવસોથી બંધ જ છે. શું આ કોઈ જવાબદાર તંત્રને નજરે નથી પડી રહ્યું ? ટેકનિકલ ખામી હોય તો પણ લાઈટો રીપેરીંગ કરાવીને તેનો નીવેડો લાવી શકાય તેમ છે પરંતુ ગાંધીનગરમાં દિવસે ને દિવસે દરેક જગ્યાએ આ સમસ્યા વધી રહી છે. જેમાં જનતાની ફરિયાદો પણ વધવા પામી છે. જનતા અવારનવાર જીએમસીના ફરિયાદ નંબર પર કોલ કરે છે. તેમની ફરિયાદની કોઈ ફરિયાદી સેન્ટરમાંથી નિવારણ કરવામાં આવી રહ્યું નથી. જેમાં સેકટર-૩૦ જાગૃિત પાર્ક સોસાયટી વિસ્તારમાં ઘણા દિવસોથી રાત્રે અંધકાર છવાયેલો રહે છે. નાગરિકો રાત્રે જમ્યા પછી ઘરની બહાર નીકળવામાં ભય અનુભવી રહ્યા છે. નાગરિકોને રાત્રે જમ્યા



બાદ વોકિંગ માટે નીકળવામાં પણ ડર લાગી રહ્યો છે. આ ઉપરાંત વસાહતી નાગરિકો દ્વારા જીએમસીમાં ફરિયાદી નંબર પર ફરિયાદો કરવામાં આવી રહી છે. અવારનવાર ફરિયાદી નંબર પરથી નાગરિકોને અન્ય નંબર પર વાત કરવા માટે જણાવવામાં આવી રહ્યું છે અને કોઈ જ નિવારણ લાવવામાં આવ્યું નથી. જીએમસી દ્વારા નાગરિકોની જે તે ફરિયાદોનું નિવારણ કરવા માટે નંબર જાહેર કર્યો છે. જેમાં આ પ્રકારની વર્તણૂંક જોવા મળે છે તો નાગરિકોએ હવે કયાં જઈને સમસ્યા અંગેની ફરિયાદો કરવાની? રાત્રી દરમિયાન અંધારપટના કારણે ચોરીનો પણ ભય જનતાને સતાવી રહ્યો છે. આગામી દિવસોમાં વરસાદનું જોર રહેશે તેવામાં સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં રહેતા ઘણી સમસ્યાનો સામનો ગાંધીનગરની જનતાએ કરવાનો રહેશે. જો આ લાઈટો શરૂ નહીં કરાય તો ચોમાસામાં દિન પ્રતિદિન ચોરીના કેસમાં વધારો થશે. શહેરમાં અસામાજિક પ્રવૃત્તિઓ કરવાવાળાઓને એવામાં લાભ મળી રહે છે. અંધારપટથી જાહેર માર્ગો પર પણ જનતાને વાહન લઈને જવું ભયજનક લાગી રહ્યું છે તેથી જવાબદાર તંત્રએ જનતાની આ સમસ્યાનો ઝડપથી ઉકેલ લાવવો જોઈએ તેવી લોકમાંગણી ઉઠી રહી છે.

## અષાઢી બીજના દિવસે “સુંદરકાંડ પાઠ”

ગાંધીનગર, તા.૩૦

સ્વ. ધ્રુવકુમાર જયંતિલાલ વૈદ્યની ચોથી પુણ્યતિથિ નિમિત્તે ૧ જુલાઈ શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૪૯૧/૨, સેક્ટર-૭-બી ખાતે જાહેરમાં સુંદરકાંડ પાઠનું આયોજન ભારતીબાપુની વ્યાસપીઠે કરવામાં આવ્યું છે. દરેક નગરજનોને સુંદરકાંડ પાઠનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




શિવરંજની, ગાંધીનગરના સુવર્ણ જયંતિ વર્ષ અનુસંધાને સંસ્થાના ૫૧મા જન્મદિન નિમિતે એક નાનકડા ગેટ ટુ ગેધરનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહાનુભાવો ઉપસ્થિત રહી સંસ્થાન શુભકામનાઓ પાઠવી હતી.

## આ વર્ષે સૌ પ્રથમવાર ન્યુ ગાંધીનગરમાં પણ રથયાત્રા

### શહેરમાં રાયસણ, રાંદેસણ, ભાઈજીપુરા વગેરેના નવવિકસિત સોસાયટી વિસ્તારમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

અષાઢી બીજના દિવસે આ વખતે સૌ પ્રથમવાર રાયસણ, રાંદેસણ, ભાઈજીપુરા અને આ વિસ્તારના નવ વિકસિત સોસાયટી વિસ્તારને આવરી લેવાય તે રીતે ભગવાન જગન્નાથજી, બલભદ્રજી અને બહેન સુભદ્રાજીની રથયાત્રા નીકળશે. રાયસણના પંચેશ્વર મંદિર દ્વારા આ ભવ્ય અને વિશાળ રથયાત્રાનું આયોજન કરાયું છે. આ વિસ્તારમાં સૌ પ્રથમવાર નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા માટે શ્રધ્ધાળુઓમાં ભારે ઉત્સાહ અને આનંદની લાગણી પ્રવર્તી રહી છે.

રથયાત્રામાં ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજી સાથે બગી ગાડીમાં આરુઢ થઈને અષાઢી બીજના દિવસે પંચદેવ મંદિરથી બપોરે ૩ વાગે નગર ચર્યાએ નીકળશે. આ રથયાત્રામાં પંચદેવ મંદિર, રાયસણ, રાંદેસણ, ભાઈજીપુરા અને આ વિસ્તારની જુદી જુદી સોસાયટીની ભજન મંડળીઓ, ઉંટલારી, ટ્રેક્ટર વગેરે જોડાશે. યુવાવર્ગ યોગ અને શારીરિક કસરતોનું નિદર્શન કરશે. આ રથયાત્રા નગરચર્યા કરી સાંજે ૭ વાગે પંચેશ્વર નિજ મંદિરે પરત ફરશે.

## આત્મન ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં શહેરની સેવાભાવી પ્રવૃત્તિઓ અને બાળવિકાસ માટે કાર્ય કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા વેકેશન પછી શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી. ‘ચાલો શાળામાં જઈએ’ અને વિદ્યાર્થી પ્રોત્સાહન પ્રવૃત્તિના ભાગરૂપે ગાંધીનગર, માણસા, વિજાપુર તાલુકાની ૧૨ જેટલી શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી. પ્રતાપનગર, માણેકપુરા, ગ્રામ ભારતી, અમરાપુર, માણેકબા વિદ્યાલય - અડાલજ, લાડોલ સરકારી પ્રાથમિક શાળા, ધોળા કુવા, નવા કોબા, સેકટર - ૧૩ની શ્રમજીવી વસાહત, સેકટર - ૮ની આદર્શ નિવાસી કન્યા શાળા વગેરેમાં વિદ્યાર્થીઓને નોટબુક, ફુલ્સ કેપ, પેન, પેન્સિલ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાલમંદિરના બાળકોને સ્લેટનું વિતરણ અને બે - ત્રણ શાળાના બાળકોને સ્લીપરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું સાથે અડાલજની માણેકબા હાઈસ્કૂલમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાનના પ્રયોગોનું સમજ સાથે નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે ગ્રામ ભારતી સંસ્થાના લગભગ ૨૫૦ ઉપરાંત વિદ્યાર્થીઓના બ્લડ ગ્રુપ અને હિમોગ્લોબીનની ચકાસણી પણ મહુડી અને અન્ય સરકારી આરોગ્ય કેન્દ્રોના સહકારથી કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓ સાથે પ્રોત્સાહક વાર્તાલાપ પણ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમ્યાન સંસ્થાના સહયોગીઓ ડૉ. બીનાબેન પટેલ, કિશોરભાઈ પટેલ, અશોકભાઈ ત્રિવેદી, કિન્નરીબેન ત્રિવેદી, રેખાબેન ભટ્ટ, દિવ્યાબેન વરિયા, બી.કે.પરમાર, રજનીકાંત વૈષ્ણવ, સવિતાબેન માછી, કપિલાબેન, પ્રજ્ઞાબેન પટેલ વગેરે જોડાયા હતા. શાળાના આચાર્ય અને શિક્ષકોએ સરસ સહયોગ આપ્યો હતો.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા ખાતે પ્રિ-પ્રાયમરી વિભાગમાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પર્યાવરણ વિશેની જાગૃતિ, યોગદિવસ અને વૃક્ષારોપણની પ્રવૃતિઓ કરવામાં આવી હતી. જેમાં નાનાં ભૂલકાઓએ આનંદ-ઉલ્લાસથી ભાગ લીધો હતો.



સેકટર-૬ શોપીંગ સેન્ટરના વેપારીઓ રથયાત્રાના સ્વાગતની તૈયારીઓ કરી રહ્યા છે. રથયાત્રામાં જોડાનાર ભાવિકો માટે બુંદીનો પ્રસાદ તૈયાર કરવામાં આવ્યો છે. દર વર્ષે સેકટર-૬ના વેપારીઓ દ્વારા બુંદીના પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે.

## શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખપદે સૂર્યકાન્ત બારોટની વરણી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની કાર્યવાહક સમિતિની અગત્યની બેઠક તા. ૩૦-૦૬-૨૦૨૨ને ગુરુવારના રોજ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, ૧૭/૨૨, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે યોજાઈ હતી.

જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી એસ.ડી.આર. મલિક દ્વારા રાજીનામુ અપાતા તેમની જગ્યાએ પ્રમુખ તરીકે સૂર્યકાંતભાઈ બારોટની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી તથા સંસ્થાના ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યા હતા.

હવેથી સંસ્થાની કારોબારી સમિતિની બેઠક મહિનાના પ્રથમ ગુરુવારે નિયમિત મળશે તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

## સરકારી વાણિજય કોલેજના વિદ્યાર્થી નેશનલ કવીઝમાં તૃતીય સ્થાને વિજેતા થયા




ગાંધીનગર, તા.૩૦

એનએસઓ, એફઓડી રીજનલ ઓફીસ અમદાવાદ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે ‘અન્વેષા ૨૦૨૨’ નેશનવાઈડ કિવઝ કોન્ટેસ્ટ ઓન ઓફિશિયલ સ્ટેટેસ્ટીકસનું આયોજન કર્યું હતું. જેમાં સરકારી વાણિજય કોલેજ સેકટર-૧૫ ગાંધીનગરના બે વિદ્યાર્થીઓ ધ્રુવ શ્રોફ અને દિશા પરમાર તેમજ કોલેજના અધ્યાપક ડૉ. પારુલ દવે સહભાગી બન્યા હતા અને સેમિફાઈનલ રાઉન્ડમાં તૃતીય ક્રમે વિજેતા થયા હતા. કોલેજના આચાર્ય ડૉ. એ.એન. સુતરીયા તેમજ કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા તેઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ શકરીબેન રમણભાઈ, ઉ.વ. ૬૯, પેથાપુર
- સ્વ. રાવળ શારદાબેન ભરતભાઈ, ઉ.વ. ૩૮, સેકટર-૨૪
- સ્વ. ઠાકોર અંબાબેન લાલજીભાઈ, ઉ.વ. ૫૧, પેથાપુર

# શહેરમાં ગટરોની ગંદકીની વધતી સમસ્યાઓ

## ઔદ્યોગિક વિસ્તારમાં લાંબા સમયથી ગટરોના પાણી ભરાવાથી અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે : રોગચાળાની ભીતિ અને નાગરિકોને અવરજવર કરવામાં પરેશાની





ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ગટરની સમસ્યાઓ ઠેર-ઠેર જોવા મળી રહી છે. અવાર-નવાર ગટરોના પાણી ભરાવાથી નાગરિકો ત્રસ્ત બન્યા છે. ઔદ્યોગિક વિસ્તાર એવા વાવોલથી સેક્ટર-૨૬ તરફ જવાના માર્ગ વચ્ચે ઘણા દિવસોથી ગટરના પાણી ભરાઈ રહ્યા છે. જ્યાં વાહનો લપસી જાય તેવી ગંભીર હાલત નજરે જોવા મળી રહી છે. અહીંયાથી પસાર થઈ રહેલા નાગરિકોને નાક બંધ કરીને પસાર થવું પડે છે જો ભુલથી આ દુર્ગંધ નાકમાં ગઈ તો આકુળવ્યાકુળ થઈ જવાય તેવી દુર્ગંધ ફેલાઈ જવા પામી છે. પરિણામે ગંદકી અને દુર્ગંધના કારણે નાગરિકો હેરાન-પરેશાન થઈ ગયા છે. ઘણા દિવસથી ભરાઈ રહેલું આ ગટરનું પાણી ગંદકીની સાથે સાથે રોગ ફેલાવે તેમ છે. હાલમાં વાહકજન્ય રોગ વધી રહ્યો છે. જેમાં વાવોલ અને ગોકુળપુરા વિસ્તારમાં વાહકજન્ય બિમારીઓના કેસ વધી રહ્યા છે. આ વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધારે હોવાથી ઝડપથી રોગ ફેલાય છે. વાતાવરણ પણ ભેજવાળુ હોવાથી વાહકજન્ય રોગો ફેલાવાની દહેશત છે. તેવામાં ગટરોના આ ગંદા પાણી રોગોને સામેથી બુલાવો આપી રહ્યા હોય તેમ લાગે છે. આ સમસ્યાઓનો નિકાલ કરવા માટે જાગૃત નાગરિકોએ અવારનવાર ફરિયાદો કરી છે પરંતુ સમસ્યાનું નિવારણ થયું નથી. ગાંધીનગરમાં જાહેર માર્ગોની આસપાસ આ પ્રકારના દૃશ્યો જોવા મળી રહ્યા છે જે નિંદનિય કહેવાય. તેમાં પણ ઔદ્યોગિક વિસ્તારમાં લાંબા સમય સુધી ગટરોનું પાણી જોવા મળી રહ્યું છે જેમાં મચ્છરોનો ઉપદ્રવ આટલા દિવસોમાં કેટલો બધો વધ્યો હશે. ગાંધીનગરમાં વર્તમાન દિવસોમાં ગમે તે ખૂણામાં જાવ ત્યાં ગટરો ઉભરાવવાની સમસ્યા તમને દેખાઈ જ આવશે. સેક્ટરોમાં, ગલીઓમાં, જાહેર માર્ગોમાં ગટરોની સમસ્યાઓ અવશ્ય નજરે પડશે જ. રહેણાંક વિસ્તારમાં ઉભરાતી ગટરના ગંદા પાણીથી રોગચાળાનો ભય સતાવી રહ્યો છે. ઉભરાતી ગટરોની સમસ્યાઓનું નિરાકરણ ન આવતા નાગરિકોને ના છૂટકે આ ગંદકીમાંથી અવરજવર કરવાનો વારો આવ્યો છે.

## જન્મદિને વધામણી



ભાનુભાઈ પુરાણી
પ્રમુખ, ત્રિદલ અને ગાંધી મિત્ર વર્તુળ



બાબુલાલ અજમલભાઈ નાયી



નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧




રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



શૈલેષભાઈ નાનાલાલ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬




ભાવના અશોકકુમાર ઉપાધ્યાય
મો. ૯૯૨૪૫ ૬૯૩૧૧



રેહાંશી સંજયકુમાર ઠાકોર
મો. ૯૦૯૯૭ ૬૧૬૬૭



કિન્નરીબા જીલુભા ધાંધલ
મો. ૯૮૨૫૪ ૯૪૩૯૭



હૃદય ચક્રવર્તી



દિવ્યરાજસિંહ જીગેન્દ્રસિંહ ડાભી
મો. ૯૮૨૫૭ ૧૦૭૮૯